## વડીલોને વંદન અભિનંદન



લત્તાબેન કનુભાઈ ચોક્સી
(૧૯૩૫) ફોન : ૨૩૨૨૦૧૬૦



સ્નેહલતાબેન વંકાણી
(૧૯૪૩) મો. ૯૨૨૮૮૬૭૬૩૦

# બાયડના તબીબ સાથે અમદાવાદના ઈવેન્ટ આયોજકો ધ્વારા ૭.૮૬ લાખની છેતરપીંડી

## એર ટીકીટ, હોટલ અને લીમોજીન બુકીંગની બોગસ ટીકીટો મોકલી પૈસા પડાવ્યા

(સમીર બલોચ) મોડાસા, તા.૫

બાયડના જાણીતા તબીબની પુત્રીના લગ્નમાં અમદાવાદની ઈવેન્ટ મેનેજમેન્ટ કરતી એજન્સીએ ૭.૮૬ લાખની છેતરપીંડી આચરી હોવાની ફરીયાદ બાયડ પોલીસ મથકે નોધાવા પામી છે. આ એજન્સીએ એર ટીકીટ, હોટલ સહીતની બુકીંગની ખોટી ટીકીટો બનાવી ઈ-મેઈલ ઉપર મોકલી આપી હતી. પરંતુ લગ્ન પુરા થતાં તબીબને ખબર પડી કે તેમના સાથે છેતરપીંડી થયા હોવાનુ ધ્યાન ઉપર આવતા તેમણે પોલીસ કાર્યવાહી હાથ ધરી હતી.

બાયડની જાનકી હોસ્પીટલ ધરાવતા ડો. સંજયભાઈ શાહની પુત્રી જાનકીના લગ્નના ઈવેન્ટની જવાબદારી તથા અન્ય કામ માટે ૨૮/૫/૨૦૧૪ ના રોજથી આજથી ધાર્મીક વિધીના કોમોમાં તેમણે ઈવેન્ટ મેનેજમેન્ટ કરતી એજન્સીના રાકેશભાઈ હાથી તથા શ્રધ્ધા રાકેશભાઈ હાથી (રહે. એકવેટ હોટલ કોમ્પલેક્ષ વસ્ત્રાપુર) તથા મૌલીક વૈધ (રહે.ઈસનપુર અમદાવાદ) એ ઈવેન્ટ મેનેજમેન્ટમાં સંજયભાઈ શાહના સબંધીઓની એર ટીકીટો લીમોજીન બુકીગ ટીકીટ વગેરે ખોટી બનાવી સંજઈભાઈને ઈમેલ ધ્વારા મોકલી આપી હતી અને તેના પેટે આ શખ્સોએ ડો. સંજયભાઈ પાસેથી રૂ ૭.૮૬ લાખની માતબર રકમ વસુલ કરી હતી. જોકે લગ્ન બાદ યોજાએલા સત્કાર સમારંભમાં સગા સંબધીઓ માટે બુક કરાવેલ એર ટીકીટ સહીત કોઈ પણ બુકીંગ આ ઈવેન્ટ આયોજકો ધ્વારા કરાવાયુ જ ન હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જે અંગે ડો. સંજયભાઈ શાહે છેતરપીંડી આચરનાર આ ત્રણેય વિરૂધ્ધ બાયડ પોલીસ મથકે ફરીયાદ નોધાવી હતી જે અંગે બાયડ પોલીસે આ ત્રણેય વીરૂધ્ધ ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



ગાંધીનગર વિકાસ સત્તા મંડળના નવનિયુક્ત ચેરમેન આશિષ દવેને તપોધન બ્રાહ્મણ પ્રગતિ મંડળના પ્રમુખ અને મહાનગર ભાજપના ઉપપ્રમુખ બિપીનભાઈ રાવલ અને તપોધન બ્રાહ્મણ મહાસભાના પ્રમુખ નરેન્દ્રભાઈ રાવલ તથા બ્રહ્મ સમાજના અગ્રણીઓ શુભેચ્છા પાઠવીએ પ્રસંગની તસવીર.

## સંસ્કૃતિ કુંજમાં તૂરી બારોટ સમાજના કલાકારો કલાના કામણ પાથરશે

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા રાજયના તૂરી-બારોટ સમાજના કલાકારોની કલાની ઝાંખી કરાવતો સાંસ્કૃતિક મહોત્સવનો શુભારંભ રાજયકક્ષાના મંત્રી નાનુભાઈ વાનાણીના હસ્તે કરવામાં આવશે.

ગુજરાતના ખૂણેખૂણે વસેલા તૂરી બારોટ સમાજના કલાકારોની વંશ પરંપરાગત નૃત્યકલા, લોકકલા, ભવાઈ સહિતની સંસ્કૃતિને ગાંધીનગર સંસ્કૃતિકુંજ ખાતે રજૂ કરવામાં આશે. આગામી ૭મી માર્ચ સાંજે ૭-૦૦ વાગે નાનુભાઈ વાનાણી મંત્રી રમતગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, મહેન્દ્રસિંહ રાણા-મેયર, ગાંધીનગર, અશોક પટેલ-ધારાસભ્ય, યોગેશ ગઢવી-અધ્યક્ષ ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી ઉપસ્થિત રહી શુભારંભ કરાવશે. મહોત્સવમાં મહિસાસુરનો વધ, મેવડો નૃત્ય, વેરાડી ઝૂલણા, બેડા નૃત્ય, સળગતો ગરબો, રાવણ હથ્થો, હાથીનો વશ, કચ્છી ઘોડી, લોકગીત, સનેડો તૂરી બારોટ સમાજના કલાકારો રજૂ કરશે.

## એન.એસ.યુ.આઈ. સંગઠન ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ

કોંગ્રેસ સંગઠનમાં અત્યારે મોટા પાયે બદલાવનાં સંકેતો મળી રહ્યા છે. ત્યારે કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ એન.એચ.યુ.આઈ.નાં સંગઠનનાં વિવિધ પદાધીકારીઓની નિમણૂકની પ્રક્રિયા હાથધરવામાં આવી છે. જે પહેલા સંગઠન દ્વારા સભ્યપદ નોંધણી ઝુંબેશ હાથધરવામાં આવી છે. જે આગામી ૧૫ માર્ચ સુધી ચાલશે.આ અંગે કોંગ્રેસની યુવા પાંચ એન. એચ. યુ.આઈ.ના ગુજરાતના કાર્યકારી અધ્યક્ષ આદિત્યનાથ ગોહિલે જણાવ્યું હતું કે એન. એસ. યુ.આઈ. સંગઠનની ચૂંટણી ત્રણ તબક્કામાં યોજાશે. પહેલા ચરણમાં સભ્ય નોંધણી ઝુંબેશ હાથ ધરાશે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

બાયડ એસ.ટી. બસ મથક ખાતે આજે ભાજપના કાર્યકરો અને અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખ નેહાબેન પટેલની હાજરીમાં ઓનલાઈન સભ્ય નોંધણી કાર્યક્રમ યોજાયો હતો. ઉપરાંત કાર્યકરો અને આગેવાનોએ ભાજપ સંગઠનને વધુ મજબુત બનાવવા નાગરિકોને હાકલ કરવામાં આવી હતી.

## રાજયના પ્રજાજનોને હોળી-ધૂળેટીના પર્વ પર રાજયપાલશ્રીની શુભકામનાઓ

ગાંધીનગર, તા. ૫

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ હોળી-ધૂળેટીના પવિત્ર પર્વ પર રાજયના પ્રજાજનોને હાર્દિક શુભકામનાઓ આપી છે.

રાજયપાલશ્રીએ તેમના સંદેશામાં જણાવ્યું છે કે ઉમંગ-ઉત્સાહભેર ઉજવવામાં આવતું રંગોનું આ પાવન પર્વ સામાજિક જીવનમાં પ્રેમ, શાંતિ અને સૌહાર્દ વધુ દ્રઢ બનાવશે.

## વિશ્વકર્મા સમાજ જ્ઞાતિજનોની વિના મૂલ્યે તપાસ કરશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા જ્ઞાતિજનો માટે નિઃશુલ્ક બોડી ચેક અપ કેમ્પ યોજવામાં આવશે.

શિબિરમાં સમાજના ડૉ. યોગેશ ગજ્જર અને ડૉ.પરેશ ગજ્જર જ્ઞાતિજનો માટે સેવા આપશે. બને તબિબો નાક, કાન, ગળુ, ડાયાબટીશ, બી.પી. સહિતની જનરલ તપાસ કરશે. દર શનિવારે સાંજે ૭ થી ૮ કલાક દરમિયાન સમજના કાર્યાલય ખાતે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે. દરેક જ્ઞાતિજનોએ લાભ લેવા જણાવ્યું છે.

# ઉદ્ગમ વુમન્સ એચીવર્સ એવોર્ડ ૭મીએ એનાયત કરાશે

## સતત ૬ઠ્ઠીવાર ઈન્ફોસીટી કલબ ખાતે 'નારી શકિત કો સલામ' કાર્યક્રમ દ્વારા ગાંધીનગરની ૨૩ પ્રતિભાશાળી મહિલાઓને સન્માનવામાં આવશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરની ઉદ્ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દર વર્ષે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ગાંધીનગરની મહિલા અને બાળ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સન્નારીઓને વુમન્સ એચીવર્સ એવોર્ડથી સન્માનિત કરાય છે. આ વખતે સતત છઠ્ઠા વર્ષે તા. ૭મી માર્ચ શનિવારે 'નારી શકિત કો સલામ' કાર્યક્રમ દ્વારા આ એવોર્ડ વિતરણ સમારોહનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમ બપોરે ૨ થી ૫ વાગ્યા દરમિયાન ઈન્ફોસીટી કલબ એન્ડ રિસોર્ટ ખાતે યોજાશે.

ઉદ્ગમ વુમન્સ એચીવર્સ એવોર્ડ દ્વારા અત્યાર સુધીમાં પાંચ વર્ષમાં ગાંધીનગરની કુલ ૧૦૨ મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું છે. આ મહિલાઓએ સમાજસેવા, આર્થિક, શિક્ષણ, રમતગમત, કલા અને સંસ્કૃતિ જેવા વિવિધ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરેલ છે. આ વર્ષે આ તમામ ક્ષેત્રની વધુ ૨૩ મહિલાઓને વુમન્સ એચીવર્સ એવોર્ડથી સન્માનવામાં આવશે.

# ટ્રક અને કાર ટકરાતા ત્રણના મોત, ચાર ઘાયલ

## મહારાષ્ટ્રનો એક પરિવાર કાર લઈ હોળીના તહેવાર પર જઈ રહ્યો હતો ત્યારે અકસ્માત સર્જાયો : પોલીસની તપાસ

અમદાવાદ, તા.૫

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર ટ્રક અને કાર ટકરાતા ત્રણ લોકોના મોત થયા છે અને અન્ય ચાર લોકો ઘાયલ થયા છે. આ બનાવ બાદ ભારે સનસનાટી મચી ગઈ હતી. ઘાયલ થયેલા લોકોને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. ઘાયલ લોકોનેસારવાર અર્થે અમદાવાદ અને નડિયાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઘટનીના મળતી વિગતો મુજબ મહારાસ્ટ્રનો પરિવાર કાર લઈને હોળીનો તહેવાર ઉજવવા આવી રહ્યો હતો ત્યારે સામે આવતી ટ્રકનું વ્હીલ ફાટતા આ અકસ્માત સર્જાયો હતો. તેવું આધારભૂત સુત્રો તરફથી જાણવા મળ્યું છે. આજે સવારે મુંબઈથી અમદાવાદ તરફ સ્કોર્પિયો કાર અને ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી.

ટ્રક ચાલકે ટ્રકનું વ્હીલ ફાટવાથી કાબુ ગુમાવતા આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે ઘટનાસ્થળે જ ત્રણ વ્યક્તિનાં કમકમાટીભર્યા મોત થયા હતા. જ્યારે ચાર વ્યક્તિ ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર અર્થે નડીયાદ અને અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે ઘટનાસ્થળ પર પહોંચી અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સુત્રોના જણાવ્યાં અનુસાર પરિવાર અમદાવાદ હોળીનો તહેવારઉજવવા માટે આવી રહ્યો હતો. ત્યારે આ અકસ્માત સર્જાતા તહેવારનો આનંદ માતમમાં ફેરવાઈ ગયો હતો.

# બોટ લાવવા માટે ગુજરાતનું પ્રતિનિધિમંડળ પાકમાં જશે

## પાકિસ્તાને હળવુ વલણ અપનાવ્યા બાદ હવે ૮ સભ્યોનું પ્રતિનિધિમંડળ પાકિસ્તાન જશે : બોટનું નિરીક્ષણ કરાશે

અમદાવાદ, તા.૫

માછીમારોની બોટને પરત મેળવવા ગુજરાતનું આઠ સભ્યોનું પ્રતિનિધિમંડળ આવતીકાલે ધુળેટીના દિવસે પાકિસ્તાન પહોંચશે. પ્રતિનિધિમંડળ કરાંચી પહોંચ્યા બાદ ભારતીય માછીમારોની જપ્ત કરાયેલી બોટનું નિરીક્ષણ કરશે. ત્યારબાદ ભારત પરત લાવવાની વ્યવસ્થા કરવામાં આવશે.

મળેલી માહિતી મુજબ,પાકિસ્તાન ભારત ખાતેના દૂતાવાસે બુધવારે ગુજરાત સરકારને જાણ કરી હતી કે, પાકિસ્તાન દ્વારા આ આઠ સભ્યોના વિઝા ગુરુવારે મંજૂર કરાશે. આ આઠ સભ્યોમાં ગુજરાત સરકારના માછીમારી વિભાગના બે અધિકારીઓ,ઓલ ગુજરાત ફિશરમેન એસોસિએશનના ત્રણ સભ્યો તથા ત્રણ બોટ મિકેનિકનો સમાવેશ થાય છે. ભારતથી કરાચીની સીધી ફલાઈટ નથી તેથી આ સભ્યો વાયા દુબઈ પાકિસ્તાન જશે. પાકિસ્તાને જપ્ત કરેલી બોટમાંથી ૫૭ બોટ એવી છે કે જે સારી સ્થિતિમાં છે. તેમાં નાનું મોટું રિપેરકામ કરીને તરત તેમને વપરાશમાં લઈ શકાય તેવી છે.

પાકિસ્તાન આ તમામ બોટ ભારતને પાછી આપવા માટે સહમત થયું છે. આ બોટનું રિપેરકામ થઈ જાય એ પછી ગુજરાતમાંથી ૧૨૫ જેટલા બોટ ઓપરેટર દરિયાઈ માર્ગે પાકિસ્તાન જશે અને આ બોટને પાછી લઈ આવશે. પાકિસ્તાનને ૨૦૦૩ પછી જ ભારતની ૮૫૦ જેટલી બોટ કબજે કરી છે. એક વાર બોટ પાછી આપવાની પ્રકિયા શરૂ થાય એ પછી ધીરે ધીરે બધી બોટ ભારત પાછી લાવી શકાશે તેવી આશા ગુજરાતના માછીમારો રાખી રહ્યા છે. ગુજરાતનું પ્રતિનિધિમંડળ છેલ્લા કેટલાય દિવસથી પાકિસ્તાનના વિઝા માટે પ્રયાસ કરતું હતું. વેરાવળમાં ફિશરીઝ સુપ્રિન્ટેન્ડેન્ટ પ્રવીણ રાડા છેલ્લા દસ દિવસથી આ માટે દિલ્હીમાં ધામા નાંખીને પડ્યા હતા. પણ પાકિસ્તાન વિઝા આપવા તૈયાર નહોતું. રાડા મંગળવારે નવી દિલ્હીથી પાછા ફર્યા એ પછી પાકિસ્તાન દૂતાવાસે તેમને વિઝા આપવાની તૈયારી બતાવતો સંદેશો મોકલ્યો હતો. ભારતે સતત દબાણ લાવ્યા બાદ પાકિસ્તાન માછીમારોની બોટ પરત આપવા માટે તૈયાર થયું છે.

## શબ્દાવલી - ૫૬૬૨



### આડી ચાવી

૧. ઘેરી અસર વાળુ, ઝેરીલું (૩)
૩. એક વનસ્પતિ (૪)
૬. બટાલિયન, સૈન્ય (૪)
૭. ચાંદી પર ચડાવાતો સોનાનો ઢોળ (૩)
૯. રસોનો સ્વામી, શ્રીકૃષ્ણ(૩)
૧૦. લેખન કરવું (૩)
૧૧. 'પણ' કાલી બાળભાષામાં (૨)
૧૩. હિચકો, ઝૂલો (૨)
૧૪. દુઃખ, દર્દ (૨)
૧૫. કર્મ સહિત (૩)
૧૬. બહુ પાણીથી વિનાશ (૪)
૧૮. સમય, કાળ (૨)
૨૦. લાગવગ, ઓળખાણ (૨)
૨૧. ઝાકળ (૪)

### ઊભી ચાવી

૧. ભારતની બોર્ડર પરની યાદગાર લડાઇ (૪)
૨. લપસવું (૪)
૩. આડુઅવળું ગમે તેમ (૬)
૪. સંગીત સમ્રાટ (૪)
૫. ચીડાવું, ... ચડવી (૨)
૮. લખવાની કળા (૫)
૧૨. નાજુક, નમણું (૩)
૧૪. સમજમ (૪)
૧૫. વેળાસર, સમયસર (૩)
૧૭. વરસાદ, બારીસ (૩)
૧૯. દહીં વલોવવાથી... બંને(૨)

### શબ્દાવલી ૫૬૬૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) નકાબ (૪) કાવતરૂ (૭) વાયરો (૮) મહી (૯) બર (૧૦) કોણ (૧૧) કાજી (૧૨) કમ (૧૪) મખમલ (૧૬) ગોવાની (૧૭) તરાજો (૧૮) વીંટી (૧૯) લબરમુછીયો (૧૨) તૃષા

**ઊભી ચાવી :-** (૨) નવાબ (૨) કાયર (૩) બરો (૪) કામણ (૫) વહી (૬) રૂપજીવીની (૧૦) કોમલ (૧૨) કમજોર (૧૩) લંગોટીયો (૧૪) મતલબ (૧૫) ખરાબ (૧૮) વીંછી (૨૦) મુખ (૨૧) ભાષા

## ટેબલેટ મુકાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આગામી તા. ૭ માર્ચના રોજ પરીક્ષાલક્ષી કામગીરીની તાલીમ માટે સવારે ૧૧ કલાકે સે. ૧૨ સ્થિત સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલમાં શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જિલ્લા શિક્ષણાધિકારીની ઉપસ્થિતિમાં ઝોનલ અધિકારીઓ ઉપરાંત શાળા સંચાલકો તેમજ અન્ય સરકારી પ્રતિનિધિઓને પરીક્ષાની બેઠક વ્યવસ્થા ઉપરાંત જરૂરી કામગીરી અંગે તાલીમ આપવામાં આવશે.

## સઘન પેટ્રોલીંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નાઈટનું આયોજન પણ જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવ્યું છે. હોળી-ધુળેટી પર્વ દરમિયાન રંગો ઉડાડતા કે એકબીજાને રંગતી વખતે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા કયાંય છેડતી-મશ્કરી કે શારિરીક અડપલા તહેવારની આડમાં ન બની જાય ત માટે પણ ખાસ બંદોબસ્ત રાખી પોલીસને એકિટવ રાખવામાં આવનાર છે.

## આપણા જીવન સાથે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માતૃભાષામાં જે અભિવ્યકિતની શકિત છે જે બીજી અન્ય ભાષાઓમાં નથી. આપણી માતૃભાષા ગુજરાતી હર હંમેશા ચિરંજીવી રહે તે માટે આપણે સચિંત રહીએ. તેમણે ડૉ.ચેતના બુચને માતૃભાષા ઉપર યોજાયેલ સંગોષ્ઠી માટે અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે ભુવનેશ્વરી પીઠના આચાર્ય ઘનશ્યામજી મહારાજે તેમના આશીર્વચનમાં જણાવ્યું હતું કે આ સંગોષ્ઠી દ્વારા માતૃભાષા માટેની જે ખેવના ઝંકૃત થઈ છે તેને હું બિરદાવું છું.

ડૉ. ભદ્રાયુ વછરાજાણીએ માતૃભાષામાં બાળકોને શિક્ષણ આપવાની અગત્યતા સમજાવી હતી. જયારે ડૉ. ચેતના બુચે માતૃભાષામાં શિક્ષણ પર થયેલ અભ્યાસની રૂપરેખા આપી હતી.

અરૂણોદય સેવા ટ્રસ્ટના પ્રમુખ અરૂણ બુચે સ્વાગત પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન વલ્લભાઈ પટેલ સહીત નગરના સાહીત્યકારો અગ્રણીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

# અભ્યાસ કરતા બાળકોની ફી સરકાર હજુ ચુકવતી જ નથી

અમદાવાદ, તા.૫

ગરીબ વર્ગની લોકોને પણ શિક્ષણનો લાભ મળે અને સમાજમાં શિક્ષણને ઉત્તેજન મળે માટે સરકાર દ્વારા રાઈટ ટુ એજ્યુકેશનનો કાયદો અમલમાં આવ્યો છે. ૨૦૧૪માં આ મુદ્દે ખુબ જ ચર્ચાઓ જાગી હતી અને કેટલીક શિક્ષણ સંસ્થાઓ સામે બુધ્ધીજીવી વર્ગ અને શિક્ષણ અંગે ચિંતા કરનારા તેમજ સરકાર દ્વારા વારંવાર ટકોર કરવામાં આવતી હતી. અને આ કાયદાના અમલ માટે કડક પગલા ભરવાની વારંવાર ચિમકી ઉચ્ચારવામાં આવે છે. પરંતુ જે શાળાઓએ ૨૦૧૪ના વર્ષમાં આર.ટી.ઈ. અંતર્ગત શાળાઓમાં ગરીબ બાળકોને પ્રવેશ આપીને શિક્ષણ અપાઈ રહ્યું છે તેવી શાળાઓને આવા બાળકોની ફીનું ચુકવણુ હજુ સુધી થયું નથી. પ્રાપ્ત થતિ માહિતી મુજબ એજ્યુકેશન એક્ટ મુજબ રાજયભરમાં વિવિધ ખાનગી શાળામાં ૧૫ હજાર જેટલા બાળકો અભ્યાસ કરે છે. શૈક્ષણિત વર્ષ ૨૦૧૪-૧૫માં ખાનગી શાળાઓએ આવા ગરીબ બાળકોને પ્રવેશ આપી સરકારને સહયોગ આપ્યો છે અને દરેક સ્કુલમાં ઓછામાં ઓછા પાંચ બાળકો આર.ટી.આઈ અંતર્ગત ભણી રહ્યા છે. પણ આ બાળકોની ફી હજુ સુધી સરકારે ડીઈઓ કચેરી સુધી પહોંચાડી છે કે કેમ તે પ્રશ્ન છે. જે સ્કુલોમાં ગરીબ બાળકો આરટીઈ અંતર્ગત અભ્યાસ કરી રહ્યા છે. તે સ્કુલોને હજુ સુધી બાળકોની ફી જમા નહી થતા સંચાલકો મુંઝવણ અનુભવી રહ્યા છે. ત્યારે શિક્ષણ વિભાગે આ અંગે વ્યવસ્થા કરવી જોઈએ.

## સમયસર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જરાય કચવાતો નથી. મહાત્મા મંદિર અને સ્વર્ણિમ પાર્ક જેવો વિશાળ બગીચો દેખાવમાં ભલે સારો લાગે પરંતુ તેના માટે ગાંધીનગરાઓએ મહામુલા લીલા વૃક્ષોનું બલીદાન આપ્યું છે. તે આપણે નહીં ભુલી શકીએ. વિકાસનો દેખાડો અધુરો હોય તેમ હવે સત્તાધીશોને પંચામૃતભવન બનાવવાની ચળ ઉપડી છે. ખબર નહી કોને પરંતુ દેખાડી દેવા માટે કોંકીટની ઈમારત ઉભી કરવા માટે સત્તાધીશો મચી જ પડ્યા છે... વળી આ પંચામૃત ભવન કોઈ પડતર ખુલ્લી જગ્યામાં નહી પરંતુ સચિવાલયની પાછળ આવેલા વૃક્ષોથી એકદમ આચ્છાદિત વિસ્તારમાં બનાવવાનું આયોજન છે. હજ્જારો વૃક્ષોનું નિકંદન કાઢી ત્યાં પંચામૃત ભવન બનાવવામાં શુ સમજદારી છે તે વસાહતીઓ અને પ્રકૃતિપ્રેમીઓને સમજાતુ નથી. વર્ષોથી અહીં મોર, તેતર, કાબર, કાગડા, વાંદરાઓ, નીલગાય અને હરણ જેવા પ્રાણીઓ-પક્ષીઓનો વસવાટ છે. તેમનું ઘર આપણે છીનવવુ ન જોઈએ. એક સંવેદનશીલ વ્યક્તિ તરીકે જો સત્તાધીશો આ વાત વિચારે તો પ્રકૃતિના એક ખુબ સુંદર સ્થળને આપણે બચાવી શકીશુ...! જો સત્તાધીશો આ વિચારી ન શકે તો આંદોલન જ એક માત્ર માર્ગ રહેશે. પ્રકૃતિ પ્રેમીઓ માટે તે સમજી લેવાની જરૂર છે.

## ૧૦૦ કરોડની બચત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોર્પોરેશન લિમિટેડ (જીએસઈસીએલ) ને કોલસાના પરિવહન પર ૧૦૦.૭૧ કરોડની બચત થશે. ટાસ્ક ફોર્સની રચના જૂન ૨૦૧૪ કરવામાં આવી હતી અને તેનો ઉદ્દેશ કોલસાના સ્ત્રોતની સર્વગ્રાહી સમીક્ષા કરીને ટેકનિકલ મર્યાદાને ધ્યાનમાં લીધા બાદ કોલસાના પરિવહન ખર્ચમાં ઘટાડો કરવાનો હતો. ટાસ્ક ફોર્સ તેનો અહેવાલ ફેબ્રુઆરી ૨,૨૦૧૫ના રોજ રજૂ કર્યો હતો. નથવાણીએ વેસ્ટર્ન કોલફિલ્ડ્સ લિમિટેડમાંથી કોલસાની ફાળવણી માટેના નિયમો તથા ગુજરાતને આ નિયમો મુજબ કોલસાના ફાળવણી કરવામાં આવે છે કે નહીં તથા છેલ્લા ત્રણ વર્ષ તથા ચાલુ વર્ષ કોલ ઈન્ડિયાની વિવિધ પેટા-કંપનીઓ દ્વારા કેટલો કોલસો ફાળવવામાં આવ્યો છે તે અંગેની માહિતી પૂરી પાડવા જણાવ્યું હતું. મંત્રીએ તેમના પ્રત્યુત્તરમાં જણાવ્યું હતું કે ગુજરાતને ખાસ કરીને છત્તીસગઢ તથા મધ્ય અને પૂર્વ ભારતમાં આવેલી સાઉથ ઈસ્ટર્ન કોલસો પૂરો પાડવામાં આવે છે. ગૃહમાં રજૂ કરવામાં આવેલા નિવેદન અનુસાર છેલ્લા ચાર વર્ષમાં ગુજરાતને ૬૯.૯૫ મિલિયન ટન કોલસો નવી કોલસા વિતરણ નીતિ હેઠળ ફયુઅલ સપ્લાય એગ્રીમેન્ટ (એફએસએ) હેઠળ કોલ ઈન્ડિયા લિ.ની વિવિધ પેટા કંપનીઓ દ્વારા પૂરો પાડવામાં આવ્યો છે.